પોલીસ કમિશ્નરશ્રીની કચેરી, રાજકોટ શહેર
સ્પેશ્યલ શાખા, ફોન નં.૦૨૮૧-૨૪૪૧૦૭૬
E mail ID: spl-cp-raj@gujarat.gov.in

## **** જાહેરનામું ****

### ****ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા(BNSS) – ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ****

ક્રમાંકઃએસબી/૧૪/UPSC-પરીક્ષા/ જાહેરનામું/૩૧૮૧/૨૦૨૫

તા.૧૦/૦૯/૨૦૨૫

યુ.પી.એસ.સી. દ્વારા નેશનલ ડિફેન્સ એકેડમી અને નેવેલ એકેડમી પરીક્ષા(૨)-૨૦૨૫ અને કમ્બાઇન્ડ ડિફેન્સ સર્વિસ પરીક્ષા(૨)-૨૦૨૫ દ્વારા રાજકોટ શહેરમાં અલગ-અલગ શાળા-કોલેજોમાં કુલ-૪ કેન્દ્રોમાં લેવાનાર છે. જેમાં નેશનલ ડિફેન્સ એકેડમી અને નેવેલ એકેડમી પરીક્ષા-૨૦૨૫ તા.૧૪/૦૯/૨૦૨૫ ના રોજ પેપર-૧ નો સમય કલાક-૧૦/૦૦ થી કલાક-૧૨/૩૦ તથા પેપર-૨ નો સમય ક.૧૪/૦૦ થી ક.૧૬/૩૦ સુધી તથા કમ્બાઇન્ડ ડિફેન્સ સર્વિસ પરીક્ષા-૨૦૨૫ તા.૧૪/૦૯/૨૦૨૫ ના રોજ પેપર-૧ નો સમય ક.૦૯/૦૦ થી ક.૧૧/૦૦ અને પેપર-૨ નો સમય ક.૧૨/૩૦ થી ક.૧૪/૩૦ અને પેપર-૩ નો સમય ક.૧૬/૦૦ થી ક.૧૮/૦૦ વાગ્યા સુધી લેવાનાર છે. તથા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા મહેસુલ તલાટી વર્ગ-૩ ની પ્રાથમિક પરીક્ષા રાજકોટ શહેરમાં અલગ-અલગ શાળા-કોલેજોમાં કુલ-૧૫૮ કેન્દ્રોમાં તા.૧૪/૦૯/૨૦૨૫ ના ક.૧૪/૦૦ થી ૧૭/૦૦ વાગ્યા દરમ્યાન લેવાનાર છે.

આ પરીક્ષામાં પરીક્ષાર્થીઓ કોઇપણ જાતની ખલેલ વિના પરીક્ષા મુકત અને શાંત વાતાવરણમાં આપી શકે તેમજ બહારના કોઇ તોફાની તત્વો આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષા આપતા વિધાર્થીઓને ખલેલ પહોંચાડે નહી તથા પરીક્ષા દરમ્યાન કોઇ ગેરકાયદેસરની પ્રવૃતિ આચરે નહી તે માટે તા.૧૪/૦૯/૨૦૨૫ ના રોજ કલાક-૦૭/૦૦ થી કલાક-૧૯/૦૦ વાગ્યા સુધી શહેરના જે જે પરીક્ષા કેન્દ્રો (શાળાઓ, કોલેજો) માં પરીક્ષા લેવાનાર છે. તે તે કેન્દ્રો (શાળાઓ, કોલેજો)ના કંપાઉન્ડમા તેમજ તેની ચારેય બાજુની ત્રિજીયામાં ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં પરીક્ષાર્થીઓને ખલેલ ન પડે તે માટે કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ એકંત્રિત થશે નહી કે શાળાઓ, કોલેજો (કેન્દ્રો) માં પ્રવેશ કરશે નહી કે વાહન લઈ જઈ શકશે નહી કે લાવશે નહી કે ચારથી વધુ માણસો ભેગા થશે નહી કે વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન લઇ જઇ શકે નહી તેમજ ઝેરોક્ષ મશીનો બંધ રાખવા વિગેરે બાબતોને લઇને પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

હું બ્રજેશ કુમાર ઝા (આઇ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા(BNSS) – ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તા અને અધિકારની રૂએ અધિક પોલીસ કમિશ્નર થી પોલીસ હેડ કોન્સટેબલ સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા(BNS)-૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે. તેમજ નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર તા.૧૪/૦૯/૨૦૨૫ ના કલાક-૦૭/૦૦ થી કલાક-૧૯/૦૦ સુધી પ્રતિબંધ ફરમાવુ છું.

### **** કૃત્યો ****

(૧) રાજકોટ શહેર વિસ્તારમાં જે જે શાળાઓને પરીક્ષા કેન્દ્ર તરીકે નકકી કરવામાં આવેલ છે તે શાળાઓ (પરીક્ષા કેન્દ્રો) કંપાઉન્ડની ચારે બાજુની ત્રિજયાના ૧૦૦ મીટરના વિસ્તારમાં અનધિકૃત વ્યકિતઓ એકત્રિત થશે નહી

(૨) શાળાઓ (પરીક્ષા કેન્દ્રો)ની આજુબાજુની ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઇ સ્ટેશનર્સ કે વેપારીઓ ઝેરોક્ષ મશીન ચાલુ રાખશે નહી કે શાળાઓમાં સંચાલકો ઝેરોક્ષ મશીન ચાલુ રાખશે નહી.

(૩) શાળાઓની ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઇ વ્યકિત વાહનો લાવશે નહી કે શાળાઓમાં વાહનો લઈ જઈ શકશે નહી

(૪) શાળાઓ(પરીક્ષા કેન્દ્રો)ની ૧૦૦ મીટરની ત્રિજયામાં ચાર કે તેથી વધારે વ્યકિતઓ ભેગા થશે નહી

(૫) શાળા(પરીક્ષા કેન્દ્ર)માં પરીક્ષાર્થીઓએ પ્રશ્નપત્રને લગતુ સાહિત્ય, પુસ્તક, ગાઇડ, ચાર્ટ, મોબાઇલ ફોન, ટેબ્લેટ, I-Pad, સ્માર્ટ વોચ, જેવા ડિજીટલ ઉપકરણો વિગેરે પરીક્ષા સ્થળ અને પરીક્ષા ખંડમાં લઇ જવા નહી તેમજ સુપરવાઇઝરોએ પણ પરીક્ષા ખંડમાં મોબાઇલ ફોન લઇ જવા નહી.

(૬) શાળા(પરીક્ષા કેન્દ્રો) ના સ્થળ સંચાલક, સુપરવાઇઝર (ખંડ નિરીક્ષકો), સરકારી પ્રતિનિધિ અને વર્ગ-૪ ના પરીક્ષા કેન્દ્રોના બિલ્ડીંગમાં ફરજ બજાવતા કર્મચારીઓએ ચોકસાઇ પુર્વકનું ઓળખકાર્ડ સાથે રાખવાનુ રહેશે તે ઓળખકાર્ડ સબંધિતોએ

જઈ શકશે નહી.)

(૨) કોઈ લગ્નના વરઘોડાને.

(૩) કોઈ સ્મશાન યાત્રાને

(૪) ફરજ પરના પોલીસ/એસઆરપી/હોમગાર્ડ/જી.આર.ડી.ના અધિકારી તથા જવાનો

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા(BNS)-૨૦૨૩ ની કલમ ૨૨૩ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ શીક્ષાને પાત્ર છે.

હુ આથી આદેશ આપુ છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી કરવી.

આજ રોજ તા.૧૦/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

COMMISSIONER OF POLICE SPL.BR. RAJKOT CITY

(બ્રજેશ કુમાર ઝા)
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર, રાજકોટ.

નકલ સવિનય રવાના:-

(૦૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૦૨) પરીક્ષા સચિવશ્રી, યુનિયન પબ્લીક સર્વિસ કમિશન, શાહજહા રોડ, ન્યુ દિલ્હી.
(૦૩) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ. રા. ગાંધીનગર
(૦૪) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, (ઈન્ટે.) ગુ.રા.,ગાંધીનગર.
(૦૫) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, વડોદરા શહેર, સુરત શહેર.
(૦૬) કલેકટરશ્રી, રાજકોટ જીલ્લા.
(૦૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૦૮) પોલીસ મહાનિરીક્ષકશ્રી, રાજકોટ વિભાગ, રાજકોટ
(૦૯) પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ રૂરલ, રાજકોટ
(૧૦) અધિક પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૧૧) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૧, ઝોન-૨, ક્રાઇમ અને ખાસ શાખા, ટ્રાફીક શાખા, રાજકોટ શહેર.
(૧૨) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર
(૧૩) જીલ્લા સરકારી વકિલશ્રી, સેસન્સ કોર્ટ, રાજકોટ.
(૧૪) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ, રાજકોટ. (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ)
(૧૫) નિયામકશ્રી, માહીતી ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, બ્લોક નં.૭, બીજા માળે, ગુ.રા., ગાંધીનગર.
(૧૬) આસીસ્ટન્ટ કમિશ્નર ઓફ ઇન્ટે.(ઈન્ટે.), રાજકોટ રીજીયન, રાજકોટ.
(૧૭) નાયબ પોલીસ અધિક્ષકશ્રી,/ પો.ઈન્સ.શ્રી, રાજકોટ રેલ્વે જંકશન પો.સ્ટે.
(૧૮) તમામ પો.સ્ટે. થાણા ઈન્ચાર્જશ્રીઓ, રાજકોટ શહેર
(પાંચ નકલમાં નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૧૯) તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ, રાજકોટ શહેર.
(૨૦) કન્ટ્રોલ ઈન્ચાર્જશ્રી, રાજકોટ શહેર (તમામ વર્તમાન પત્રોને તથ ન્યુઝ ચેનલને આપવા સારૂ)
(૨૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૨૨) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, રાજકોટ.
(૨૩) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, રાજકોટ.
(૨૪) પો.ઇન્સ. શ્રી, કોમ્પ્યુટર શાખા, રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P: Rajkot website) ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨૫) એ.સી.પી.શ્રી, સાયબર ક્રાઇમ (રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.)
(૨૬) સયુંકત માહીતી નિયામકશ્રી, રાજકોટ.

(સ્થાનીક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા અને વર્તમાનપત્રોની કાપલીઓ મોકલવા સારૂ)